# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



### ખેડા-મહેમદાવાદ રોડ પર પર્યાવરણીય હોનારત | રાત્રિના અંધકારમાં ઝેરી કેમિકલ ઠાલવી ટેન્કર ચાલકો ફરાર

# ખેડાના 'સાત તાણીયા વહેરા'માં હજારો માછલીના મોત

**પંચાયતની મંજૂરી** હોવાનું જુઠ્ઠાણું ચલાવી સ્થાનિકોને ગેરમાર્ગે દોર્યા

(પ્રતિનિધિ) ખેડા તા.૯

ખેડાના મહેમદાવાદ હાઈવે પર આવેલા 'સાત તાણીયા વહેરા'માં માનવસર્જિત પર્યાવરણીય આપત્તિ સર્જાઈ છે. અજાણ્યા શખ્સો દ્વારા રાત્રિના સમયે કેમિકલયુક્ત ઝેરી પાણી ભરેલી ટેન્કરો વહેરામાં ખાલી કરી દેવામાં આવતા હજારોની સંખ્યામાં માછલીઓના મોત નીપજ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે, જેના કારણે સ્થાનિક રહીશોનું આરોગ્ય પણ જોખમમાં મુકાયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બે દિવસ અગાઉ રાત્રિના આશરે ૧૦ વાગ્યાના સુમારે કેટલાક જાગૃત નાગરિકોએ ટેન્કર ચાલકોને વહેરામાં પાણી ખાલી કરતા રંગેહાથ પકડ્યા હતા. જ્યારે રહીશોએ આ અંગે પૂછપરછ કરી, ત્યારે ટેન્કર ચાલકોએ 'અમારી પાસે પંચાયતની પરમિશન છે' તેવું કહી નાગરિકોને ગેરમાર્ગે દોર્યા હતા. પંચાયતના નામે ખોટું બોલીને આ ઈસમોએ ઝેરી કેમિકલ વહેરાના શુદ્ધ પાણીમાં ભેળવી દીધું હતું, જેના ગંભીર પરિણામો આજે જોવા મળી રહ્યા છે.



ઐતિહાસિક રીતે જોઈએ તો, અગાઉના વર્ષોમાં ખેડા નગરપાલિકા દ્વારા આ સ્થળનો ઉપયોગ કચરો ઠાલવવા અને મરેલા ઢોર નાખવા માટે કરવામાં આવતો હતો. જોકે, સમય જતાં વિસ્તારનો વ્યાપ વધતા અને વસતી વધતા પાલિકાએ આ જગ્યા સાફ કરી દીધી હતી. પરંતુ, હવે ફરી એકવાર રાત્રિના અંધકારનો લાભ ઉઠાવીને અજાણ્યા તત્વો આ વહેરાને કેમિકલ, કચરો અને મરેલા ઢોર ફેંકવાનું કેન્દ્ર બનાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ખેડામાંથી પસાર થતી ખારીકટ કેનાલમાં પણ અગાઉ કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવતું હતું. પરંતુ હવે વ્હેરા અને તળાવને નિશાન બનાવતાં પાણીના સ્ત્રોત પર જોખમ ઊભુ થયું છે.

### મૃત જળચર જીવોની દુર્ગંધથી પરેશાન

હાલમાં વહેરાના કિનારે અને પાણીમાં હજારોની સંખ્યામાં મૃત માછલીઓના ઢગલા જોવા મળી રહ્યા છે. આ માછલીઓ સડવાને કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ છે, જે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ જન્માવી રહી છે. તંત્ર દ્વારા આ કેમિકલ માફિયાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

### મૂંગા જીવોના મોતથી તંત્ર સામે પ્રચંડ રોષ

ચરોતર પંથકમાં કુદરતી સૌંદર્ય સમાન તળાવો આજે ઝેરી કેમિકલના પાપે 'મોતનો કૂવો' બની રહ્યા છે. બેફામ રીતે ઠાલવવામાં આવતા કેમિકલયુક્ત અને દૂષિત પાણીએ જળચર જીવસૃષ્ટિનું નિકંદન કાઢી નાખ્યું છે. પ્રદૂષિત પાણીના કારણે માછલીઓ અને દેડકાં જેવા જળચર જીવોના અવારનવાર મોત નીપજી રહ્યા છે. આ ભયાનક પરિસ્થિતિ છતાં જવાબદાર તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓમાં આ ગંભીર બેદરકારી અને ગેરકાયદે કૃત્ય સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. હવે માત્ર કાગળ પરની કાર્યવાહી નહીં, પરંતુ કેમિકલ ઠાલવતા ગુનેગારો સામે કડકમાં કડક ફોજદારી પગલાં ભરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવાની ઉગ્ર માંગ ઉઠી છે. જો સમયસર સફાળા નહીં જાગવામાં આવે અને જળચર સૃષ્ટિનું સંરક્ષણ નહીં કરાય તો ચરોતરનું પર્યાવરણ પાયમાલ થઈ જશે.

### પંચાયતની મંજૂરીના બહાને ખતરનાક ખેલ

સ્થાનિકોએ જ્યારે ટેન્કર ખાલી કરતા અટકાવ્યા ત્યારે ચાલકોએ પંચાયતની પરવાનગી હોવાનો દાવો કર્યો હતો. પ્રશ્ન એ ઉઠે છે કે શું કોઈ પંચાયત જળચર જીવોનો ભોગ લેવાની મંજૂરી આપી શકે? આ બાબતની તટસ્થ તપાસ થાય તે જરૂરી છે.

---

### આણંદમાં રક્તપિત્તને નાબૂદ કરવા મહાઅભિયાનનો પ્રારંભ

# આણંદમાં પ્રથમ દિવસે જ રક્તપિત્તના ૩ કેસ મળ્યાં

**આણંદ જિલ્લાના** ૧૩ લાખથી વધુ નાગરિકોનું હેલ્થ સ્ક્રીનિંગ કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદના આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્ત (લેપ્રસી) જેવા ગંભીર રોગને જડમૂળથી ઉખેડવા અને દર્દીઓને વહેલી તકે સારવાર પૂરી પાડવાના આશય સાથે 'લેપ્રસી કેસ ડિટેક્શન અભિયાન'નો પ્રારંભ કર્યો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય/લેપ્રસી અધિકારીની દેખરેખ હેઠળ ૧૮મી જૂન સુધી આ સઘન ઝુંબેશ ચલાવવામાં આવશે.



આ અભિયાન અંતર્ગત જિલ્લાના ૧૮૩ ગામોના અંદાજે ૨,૫૯,૨૬૯ ઘરોની મુલાકાત લેવાનું આયોજન છે. આશા બહેનો અને પુરુષ સ્વયંસેવકોની બનેલી કુલ ૧૧૮૮ વિશેષ ટીમો દ્વારા આશરે ૧૩,૦૪,૮૦૩ જેટલા નાગરિકોની તપાસ કરવામાં આવશે. જાહેર રજાઓ અને મમતા દિવસ સિવાયના દિવસોમાં આ ટીમો પ્રત્યેક ઘરની રૂબરૂ મુલાકાત લઈ લોકોને રક્તપિત્તના લક્ષણો વિશે જનજાગૃતિ ફેલાવશે.

આણંદમાં તપાસણીના પ્રથમ દિવસે જ આરોગ્ય વિભાગની ટીમોએ ૩૪,૨૨૪ ઘરોની મુલાકાત લીધી હતી, જેમાં ૧,૪૭,૨૨૮ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન ૩૯૦ વ્યક્તિઓ રક્તપિત્ત માટે શંકાસ્પદ જણાતા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૦૩ દર્દીઓમાં રક્તપિત્તની પુષ્ટિ થઈ છે.

# વાસદ નજીક ટ્રક પાછળ ટ્રક ઘુસી જતાં એકનું મોત

**ટ્રકની કેબીનનો** કચ્ચરઘાણ વળી જતાં ચોટીલાના ચાલકે દમ તોડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદના વાસદ-તારાપુર હાઈવે પર સુદણ રેલ્વે ફાટક નજીક એક ટ્રક ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી આગળ જતી અજાણ્યા ટ્રકની પાછળ ભટકાડી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ટ્રક ચાલકનું વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના ટ્રાન્સપોર્ટર દિનેશભાઈ ચૌહલાની ટ્રક (GJ-૦૩-BW-૮૮૬૧) લઈને ડ્રાઈવર અશોકભાઈ ટાબાભાઈ સારલા (ઉ.વ. ૪૪, રહે. ગુગલીયાણા, ચોટીલા) વાસદ નજીક ઘાસચારાના ગંઠા ભરવા નીકળ્યા હતા.

દરમિયાનમાં રાત્રિના આશરે બે વાગ્યાની આસપાસ સુદણ ફાટક નજીક અશોકભાઈએ પોતાની ટ્રક આગળ જતી અન્ય એક અજાણ્યા ટ્રકની પાછળ ઘુસાડી દીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકનો આગળનો કેબીનનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો.

જ્યારે ગંભીર ઈજાઓ પામેલા ચાલક અશોકભાઈને તાત્કાલિક વડોદરાની એસ.એસ.જી હોસ્પિટલના આઈસીયુમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વાસદ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### ખેડા જિલ્લા ઓપન ચેસ ટુર્નામેન્ટમાં ૮૦ ખેલાડીએ દાવપેચ લડાવ્યા





નડિયાદના બ્લડ બેન્ક હોલ ખાતે ખેડા જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા ખેડા ડિસ્ટ્રિક્ટ ઓપન ચેસ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી વિવિધ વયજૂથના કુલ ૮૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટને ત્રણ મુખ્ય કેટેગરીમાં વહેંચવામાં આવી હતી. જેમાં ઓપન એજ ગ્રુપ, અંડર-૧૧ અને અંડર-૧૭. આ સ્પર્ધાના અંતે વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ડો. સ્નેહલ શાહ અને માર્ગદર્શક ઉદય સી. પટેલ (યુ.સી.)ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જ્યારે ટુર્નામેન્ટમાં ધવલ દરજી, વત્સલ ઉપાધ્યાય સહિતના આર્બિટરોએ સેવા આપી હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

---

# આતરસુંબામાં બે શખસે કિંમતી જમીન પચાવી પાડી

**જમીન પર તબેલો** બનાવી કબજો કરી લીધો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

કપડવંજ તાલુકાના આતરસુંબામાં રહેતા એક ખેડૂતની કરોડો રૂપિયાની ખેતીલાયક વડીલોપાર્જિત જમીન પર ગામના જ બે શખ્સોએ ગેરકાયદેસર કબજો જમાવ્યો હોવાની ઘટના સામે આવી છે. આરોપીઓએ આ જમીન પર RCC ની દીવાલો ચણીને ઘોડા બાંધવાનો તબેલો બનાવી દીધો હતો.

આતરસુંબાના રજપુતવાળી ફળિયામાં રહેતા દશરથભાઈ રમણભાઈ દલવાડીની આતરસુંબા-કપડવંજ રોડ પર સર્વે નંબર 23/1 વાળી ખેતીલાયક જમીન આવેલી છે. આ જમીન પર ગામના જ શકીલ ઐયુબ સિંધી અને અનીક ઐયુબ સિંધીએ ગત 15 જાન્યુઆરી 2025ના રોજ ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. જમીન પચાવી પાડવાના ઈરાદે આ બંને શખ્સોએ ખેડૂતની 42.38 ચોરસ મીટર જમીન પર RCCની પાકી દીવાલો અને પતરાનો શેડ નાખી ઘોડા માટેનો તબેલો બનાવી દીધો હતો. આટલું જ નહીં, આરોપીઓએ ત્યાં આવેલું સરકારી પાણીના નિકાલનું નાળિયું પણ બંધ કરી દીધું હતું.

ગત 4 ઓગસ્ટ 2025ના રોજ જ્યારે જમીન માલિક દશરથભાઈ અને તેમના પુત્રોએ આરોપીઓને મળીને ગેરકાયદેસર બાંધકામ હટાવવા જણાવ્યું, ત્યારે આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ ગાળાગાળી કરી ખેડૂતને ધમકી આપી હતી કે, "તમારાથી થાય તે કરી લો, જો કાયદેસરની કાર્યવાહી કરશો તો જાનથી મારી નાખીશું. આ ધમકી બાદ ખેડૂતે આતરસુંબા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી.

### નડિયાદમાં કરોડોની બસો ડેપોમાં ધૂળ ખાય છે | 32માંથી માત્ર 2 જ બસ દોડતી હોવાનો આક્ષેપ

# નડિયાદમાં સિટી બસની કફોડી હાલત

**નડિયાદ પશ્ચિમ** નાગરિક સમિતિ દ્વારા કમિશનરને આવેદનપત્ર આપી આંદોલનની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં સિટી બસ સેવાના ધાંધિયા મુદ્દે જનતાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શહેરના લોકોની સુવિધા માટે કરોડો રૂપિયાના ખર્ચે ૩૨ સીએનજી સીટી બસો ફાળવવામાં આવી હતી, પરંતુ સ્થાનિક તંત્રની ઉદાસીનતા અને નિષ્ક્રિયતાને કારણે આ બસો હાલ ડેપોમાં ધૂળ ખાઈ રહી છે. આ સળગતા મુદ્દે પશ્ચિમ નાગરિક સમિતિના નેજા હેઠળ મોટી સંખ્યામાં લોકોએ મહાનગરપાલિકા કચેરી






ખાતે કમિશનરને રૂબરૂ મળી આવેદનપત્ર પાઠવ્યું હતું.

નડિયાદ મહાનગરપાલિકાના સત્તાવાળાઓ દ્વારા હાલમાં ૪ સીટી બસો દોડાવવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર વાસ્તવિકતામાં માત્ર ૨ જ બસો કાર્યરત છે અને તે પણ નિર્ધારિત રૂટ પર ફરતી નથી. આ અનિયમિતતાની સીધી માઠી અસર નોકરિયાત વર્ગ, મધ્યમવર્ગીય પરિવારો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પર પડી રહી છે. નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યાને ૨ વર્ષ વીત્યા હોવા છતાં નાગરિકો સીટી બસ જેવી પાયાની સુવિધાથી વંચિત છે.

આ અંગે નડિયાદ પશ્ચિમ નાગરિક સમિતિના પ્રમુખ નરેન્દ્ર નકુમે રજૂઆત કરી છે કે, ઉપલબ્ધ ૩૨ બસોમાંથી પ્રજાના હિતમાં તાત્કાલિક ધોરણે ઓછામાં ઓછી વધુ ૫ બસો શરૂ કરવામાં આવે.

આ ઉપરાંત, શહેરની આસપાસના ૧૦ ગ્રામ્ય વિસ્તારોને પણ આ સેવામાં સાંકળી લેવાની માંગ કરાઈ છે. સમિતિએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં સીટી બસ સેવા વધારવા અંગે સકારાત્મક નિર્ણય નહીં લેવાય, તો પાલિકા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સારોલના શખસે સગીરાને ભગાડી જઈ દૂષ્કર્મ ગુજાર્યું

**લગ્નની લાલચ આપી** ભગાડી ગયાં બાદ પાશવી કૃત્ય આચર્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.૯

બોરસદના ભાદરણ પોલીસ સ્ટેશનની હદમાં માનવતાને શર્મશાર કરતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક ૧૫ વર્ષ અને ૫ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેની પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી સત્તાવાર માહિતી મુજબ, આ ઘટનામાં સંડોવાયેલા સંજય મહિજીભાઈ જાદવ (રહે. સારોલ) એ ગત પાંચમી જૂનના રોજ સાંજના સમયે આ હીન કૃત્ય આચર્યું હતું. સંજયે સગીર વયની દીકરીને લગ્ન કરવાની ખોટી લાલચ આપી, પટાવી-ફોસલાવીને તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો.

બાદમાં સંજય જાદવે સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ સમગ્ર મામલે ભાદરણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા, પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો તથા પોક્સો એક્ટની કલમ-૪ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ભાદરણ પોલીસે આ સંવેદનશીલ કેસમાં વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને ભગાડી જવાના કિસ્સા વધી રહ્યાં છે.

---

# ખેડા જિલ્લાની ૭૮ જેટલી ગ્રામ પંચાયતો 'ટીબી મુક્ત' જાહેર

**મહુધા તાલુકાના** પાંચ ગામો પણ ટીબી મુક્ત

**આગામી સમયમાં વધુ** ૧૨ ગામોને આવરી લેવાનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

ખેડા જિલ્લામાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ટીબી મુક્ત ભારત અભિયાન'ને સાર્થક કરવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જનભાગીદારી, સરકાર અને આરોગ્ય કર્મીઓના સંયુક્ત પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૨૫ સુધીમાં ખેડા જિલ્લાની કુલ ૭૮ ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવામાં આવી છે. આરોગ્ય કર્મીઓ અને આશા બહેનો દ્વારા હાથ ધરાયેલા અવિરત પ્રયાસોથી જિલ્લામાં ક્ષય રોગને જળમૂળથી ઉખેડવાની દિશામાં મોટી સફળતા મળી છે.

ખેડા જિલ્લા ક્ષય અધિકારી ડો. દિનેશકુમાર બારોટે જણાવ્યું હતું કે, ટીબી નાબૂદી માટેના નિર્ધારિત છ માપદંડોને આધારે સમગ્ર જિલ્લામાંથી ૭૮ ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવી છે. વધુમાં, 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' અંતર્ગત અત્યારે સમગ્ર જિલ્લામાં ડિજિટલ ચેસ્ટ એક્સ-રે દ્વારા સચોટ નિદાનની કામગીરી ચાલી રહી છે, જેનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો છે.

મહુધા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ધુમિલ પરીખના જણાવ્યા મુજબ, તાલુકામાં આરોગ્ય સેવાઓના અસરકારક અમલીકરણથી કડી, નાની ખડોલ, ખડાલી, મિરઝાપુર અને રૂપપુરા એમ પાંચ ગ્રામ પંચાયતો ટીબી મુક્ત જાહેર થઈ છે. આરોગ્ય વિભાગે આ વર્ષે વધુ ૧૦ થી ૧૨ ગામોને ટીબી મુક્ત કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

ખલાડી ગામની સફળતા અંગે માહિતી આપતા કોમ્યુનિટી હેલ્થ ઓફિસર પ્રિયંકા પરમારે જણાવ્યું કે, ગામમાં કુલ ૯ કેસ હતા, જે તમામની સફળ સારવાર બાદ આજે આ પંચાયત ટીબી મુક્ત બની છે. ચુણેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર દીપકકુમાર ચૌહાણે ઉમેર્યું કે, આરોગ્ય કર્મીઓના ડોર-ટુ-ડોર



અભિયાન અને મહેનતને કારણે આ સિદ્ધિ હાંસલ થઈ છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**